# વેલેન્ટાઈન વીક : શહેરમાં ૨૦,૦૦૦ ગુલાબ વેચાયા

## એક નંગ ઈંગ્લિશ ગુલાબનો ભાવ ૪૦ થી ૫૦ રૂપિયા જ્યારે ગુલાબના બુકેનો ભાવ ૨૦૦ થી ૩૦૦૦ રૂપિયા






ગાંધીનગર, તા. ૮

શહેરમાં વેલેન્ટાઈન વીકની ઉજવણી યુવા વર્ગ દ્વારા ઉત્સાહપૂર્વક કરવામાં આવી રહી છે. જેમાં પ્રેમનું પ્રતિક ગણાતુ લાલ ગુલાબ માર્કેટમાં ઓન ડિમાન્ડમાં છે. શહેરના માર્ગો પર ગુલાબનું વેચાણ જોવા મળી રહી છે. ૭મી તારીખે રોઝ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શહેરની જાણીતી ફૂલોની દુકાન 'ઓર્કિડ', સે. ૧૧માંથી આ વખતે વીસ હજાર જેટલા ગુલાબોની ખરીદી થઈ હતી. જેમાં એક ઈંગ્લિશ ગુલાબનો ભાવ ૪૦ રૂપિયા છે. ગુલાબના બુકે ૨૦૦ રૂપિયાથી માંડી ૩૦૦૦ રૂપિયાના ભાવમાં વેચવામાં આવ્યા. ગત વર્ષે વેલેન્ટાઈન વીકમાં ૩૦,૦૦૦ જેટલા ગુલાબની ખરીદી થઈ હતી. જો કે હજી તો વેલેન્ટાઈન ડે ના દિવસે ભરપૂર ગુલાબ અને બુકેની ખરીદી કરવામાં આવશે તેમ ઓર્કિડના વેપારીએ જણાવ્યુ હતુ ઈંગ્લિશ ગુલાબ ઉપરાંત લીલી ઓર્કિડ, ટુ લીવ ફલાવર આ વખતે વધુ ખરીદવામાં આવી રહ્યા છે. સન ફલાવરનો એક નંગનો ભાવ ૩૦ રૂપિયા, ગલગોટાનો ૧ કિલોનો ભાવ ૧૦૦ રૂપિયા, ડેઈઝીનો ૧ કિલોનો ભાવ ૧૯૦ રૂપિયા, સેવંતીનો ૧ કિલોનો ભાવ ૧૯૦ રૂપિયા, પારસનો ૧ કિલોનો ભાવ ૨૩૦ રૂપિયા, ગિલેટનો ૧ કિલોનો ભાવ ૧૭૦ રૂપિયા, ઓર્કિટનો ૧ કિલોનો ભાવ ૧૩૦ રૂપિયા છે.

પ્રેમની કબૂલાતથી લઈને મંડપના શણગાર સુધી ગુલાબનું મહત્વ ઘણું છે. લગ્ન પ્રસંગોની મોસમ પણ જામી છે. તેથી ફૂલબજારમાં તેજીનો માહોલ છે. વેલેન્ટાઈન વીકની સાથે લગ્નોત્સવ હોવાથી સવારથી બજારોમાં લોકો ફૂલોની ખરીદી કરતાં જોવા મળી રહ્યા છે. ગુલાબમાં લાલ ગુલાબમાં પણ બિગ બી, ગ્રેન્ડ ગાલા, ટોપ સીક્રેટ, બોરડો, અપર ક્લાસ પ્રકાર છે. આ સાથે ગુલાબી ગુલાબમાં એકવા, પોઈઝન, શકીરા, જ્યારે સફેદ ગુલાબમાં અવલાંચે, પીળુ ગુલાબ, ગોલ્ડ સ્ટ્રાઈક, કેસરી ગુલાબ, નારંગા અને વિદેશી ગુલાબમાં ટ્રોપિકલ એમેઝોન, આફ્રિકન ડોન ફેમસ છે. આસપાસના જિલ્લામાં ગુલાબના ફૂલોની ખેતી ઓછી છે સામે તેની માંગ વધારે છે જેથી ગુલાબના ફૂલ મહારાષ્ટ્રથી મંગાવવામાં આવે છે. જેના કારણે ફૂલો મંગાવવાનો ખર્ચ વધી જાય છે. તેના કારણે ભાવ વધી જાય છે. જો કે આ ભાવ વેલેન્ટાઈન વીક અને લગ્નગાળાને કારણે ફૂલોની માંગ વધતા ભાવ પણ વધારવામાં આવ્યો છે.

# બીએપીએસ સંસ્થાના સંતોએ ગુજરાત સાયન્સ સિટીની મુલાકાત લીધી



ગાંધીનગર, તા.૦૮

બીએપીએસ સંસ્થાના ૨૦૦ સંતોએ અમદાવાદ ખાતે આવેલ વિશ્વની સૌથી વિશાળ ગુજરાત સાયન્સ સિટીની મુલાકાત લીધી. જ્યાં, સાયન્સ સિટીના એક્ઝીક્યુટિવ ડિરેક્ટર જે.બી.વદરે સંતોનુ સ્વાગત કર્યુ હતુ.

સાયન્સ સિટી ખાતે આવેલ ભારતની સૌથી મોટી એક્વેટિક ગેલેરી જોઈને સંતો અભિભુત થયા હતા સાથે જ રોબોટિક ગેલેરીની મુલાકાત લઈને પણ સંતો ખુબ જ આનંદિત થયા હતા, ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય સમાજની સુખાકારી વધારશે તેવા આશિર્વચન સાયન્સ સિટીની મુલાકાતે આવેલા બીએપીએસ સંસ્થાના વરીષ્ઠ સંત નારાયણ મુની સ્વામીએ આપ્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, વિશ્વ કક્ષાની આ એક્વેટિક ગેલેરીમાં આવેલ ૧૨ હજારથી વધુ માછલીઓની વિવિધતા જોઈને બાળકો, યુવાઓ અને સૌને ભગવાને કરેલા સુંદર રચનાના દર્શન થાય છે.

આ ઉપરાંત સાયન્સ સિટીમાં આવેલ રોબોટિક્સ ગેલેરીમાં વિવિધ રોબોટ્સની કાર્ય પદ્ધતિ જોઈને સંતો ખુબ જ રોમાંચિત થયા હતા. ઉપરાંત, રોબોટિક્સ ગેલેરીમાં આવેલી સ્વ સંચાલીત કારનુ નિદર્શન પણ સંતોએ નિહાળ્યુ હતુ.

# પાટનગરમાં સમાવિષ્ટ બાસણ ગામના અસરગ્રસ્તોને સનદ ફાળવવા માંગ

ગાંધીનગર, તા.૦૮

પાટનગરની રચનામાં સમાવાયેલા સાત ગામના અસરગ્રસ્ત નાગરિકોને તેમની મિલકતો માટે સનદ આજદિન સુધી સનદ ફાળવવામાં આવી નથી તેમને તેમના રહેણાંકોને નિયમિત કરી સનદ ફાળવવા અને બાકી અસરગ્રસ્તોને પ્લોટ ફાળવવા બાસણ ગામ વસાહત મંડળે માંગ કરી છે. બાસણ ગામ વસાહત મંડળના જણાવ્યાં અનુસાર "પોતાની મહામૂલી જમીન પાટનગર ગાંધીનગરની રચનામાં આપનાર જે સાત ગામોને સમાવિષ્ટ કરવામાં આવ્યાં હતાં જે પૈકી બાસણ ગામને સને ૧૯૭૧થી ગ્રામ પંચાયત રદ કરી શહેર વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો છે અને અસરગ્રસ્ત જાહેર કરવામાં આવ્યું છે. બાસણ ગામની પંચાયત રદ થતાં ગામતળ વધારો કરવાની કોઈ દરખાસ્ત થઈ શકી નથી પરંતુ ગ્રામજનોની વારંવારની રજૂઆતથી માર્ગ અને મકાન વિભાગને તારીખ ૨૬ જુન ૧૯૮૪ના રોજ પત્ર લખી ગામને અડીને આવેલા ગાંધીનગરમાં સંપાદિત થયેલ સર્વે નંબરોમાં રહેણાંકના પ્લોટ આપવા રજૂઆત કરાઈ હતી. આ પ્રકરણના સંદર્ભથી મુખ્ય નગર નિયોજકે લેઆઉટના નકશા બનાવીને ગાંધીનગરના જિલ્લા કલેકટરને તારીખ ૦૩.૦૮. ૧૯૮૪ના હુકમથી બાસણ ગામના ૯૭ અસરગ્રસ્ત ગ્રામજનોની ૮૦ ચોરસ મીટરના પ્રતિ ચોરસ મીટર રૂ.૫ના ભાવે રહેણાંકના પ્લોટ આપવા હુકમ કર્યો હતો તેના તારીખ ૩૦.૦૭.૧૯૮૫થી વેચાણ આપતા ફાળવણી હુકમ કરેલ છે જેના દરેક ઈસમને કબજા હકના યોગ્ય રૂ.૪૦૦ મુજબ તે સમયે ભરપાઈ કરવા છતાં કલેક્ટર દ્વારા સનદ કે કબજો આપ્યો ન હતો. બાસણ ગામ સાબરમતી નદી કિનારે આવેલું છે નદીના ઘોડાપૂરને કારણે વાંઘા, કોતરો, ગામતળનું ધોવાણ થાય અને ગામની વસ્તીમાં વધારો થવાથી ગામતળની જગ્યાની અછત સર્જાઈ તેમાં પ્લોટની સનદ ન મળતા આ કારણોથી મજબૂર થઈ તારીખ ૩૦.૦૭.૮૫ ના હુકમની યાદી વાળા અને યાદી સિવાયના ગામના અને અન્ય નાગરિકોએ મળી તમામ જરૂરિયાતમંદ ઈસમોને મજબૂરીથી ગામતળને અડીને આવેલા જ્યાં ૯૭ નાગરિકોને પ્લોટ ફાળવેલા હતા તે જગ્યાએ તેમણે કાચા-પાકા ઝુપડાં બનાવી રહેણાંક બનાવ્યા છે છતાં સનદ આપી નથી. ફક્ત એક જ નાગરિકને ૨૦૦૦ની સાલમાં સનદ આપી છે. કલેક્ટર દ્વારા ૧૯૮૯માં ઝૂંપડા ઠરાવ ઝુંબેશ કરી હતી તે સમયે ૧૦ નાગરિકોએ કોર્ટમાંથી એસસીએ નંબર ૨૦૩૫ / ૮૯ તારીખ ૩૦.૦૩. ૮૯એ દાખલ કરેલ હતી જેનો ઓરલ હુકમ તારીખ ૧૨.૦૭. ૨૦૦૦ના રોજ થયો હતો જેનો જવાબ સરકારમાં અને કલેકટર કચેરીને રજૂ કર્યો હતો પરંતુ આ જ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી કે સનદ આપવામાં આવી નથી. આ અંગે સઘળી હકીકત સાથે અસરગ્રસ્તોએ મુખ્યમંત્રીને રજૂઆત કરતા મામલતદારે જમીન ફાળવણીને તારીખ ૦૭.૦૧.૨૦૨૩ના પત્રથી દબાણ અને ડિમોલેશનનો મુદ્દો આગળ લાવી અમારી સત્ય હકીકતને દબાવી હોય તેવું જણાય છે પરંતુ નાગરિકોને મજબૂરીથી સનદ ન આપતા ઝૂંપડા બાંધી રહેણાંક કર્યા છે, કોઈએ મનસુબીથી ઝૂંપડા બાંધ્યા નથી. બાસણના કોઈ નાગરિકને દબાણ અંગે કોઈ ફરિયાદ કરી નથી. હવે બાસણ ગામના આ ૯૭ નાગરિકોને ફાળવેલ પ્લોટની બે પ્રકારની કાર્યવાહી કરવાની થાય છે જેમાં તારીખ ૩૦.૦૭.૧૯૮૫ના હુકમ અન્વયે સનદ ન આપતા જેણે ઝૂંપડા બાંધ્યા છે તે અને યાદી સિવાયના અન્ય ગામના અન્ય નાગરિકોએ ઝુંપડાં બાંધ્યા છે તે સર્વેને રેગ્યુલાઈઝ કરવા અને તે હુકમ અન્વયે જે નાગરિકોએ મકાન બનાવ્યા નથી તેમને ગામતળ નજીક ખુલ્લી જમીનમાં પ્લોટ ફાળવી સનદ આપવી જોઈએ."

# ડબલ જંત્રીની અસરો દૂર કરવા અંગે 'નારેડકો'ના સૂચનો

**વૈજ્ઞાનિક પદ્ધતિથી સર્વે કરાવી નવી જંત્રી ૩ માસ પછી તબક્કાવાર લાગુ કરવા અને મંજુરી માટે મુકાઇ ગયેલાં પ્લાન કે એડવાન્સ રકમ ભરી હોય તેને જુની જંત્રી માન્ય રાખવા સૂચન : પ્રોપર્ટી ખરીદનાર પર એક સાથે મોટુ ભારણ વધવાથી સોદાના વ્યવહારો અધુરા રહે અને દિવાની કેસોની સંખ્યા વધે તેવી શક્યતાઓ**

ગાંધીનગર, તા. ૮

સમગ્ર ગુજરાત રાજ્યમાં સ્થાવર મિલકતોની કિંમત નક્કી કરવા માટેની ગાઈડલાઈન વેલ્યૂ (જંત્રી)ના ભાવમાં તાત્કાલિક અસર -૫ ફેબ્રુઆરી ૨૦૨૩થી ૧૦૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ અંગે નેશનલ રીયલ એસ્ટેટ ડેવલોપમેન્ટ કાઉન્સીલ - 'નારેડકો ગુજરાત' દ્વારા રાજ્યમાં તાત્કાલિક અસરથી જંત્રીમાં કરાયેલા વધારાને અમલમાં ન લાવવા રીયલ એસ્ટેટ ડેવલોપર, પ્રોપર્ટી ખરીદનાર , જમીન માલિકો , ખેડૂતો અને સંસ્થાઓ દ્વારા ચર્ચા વિચારણા કરી મુખ્યમંત્રીને પત્ર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. નારેડકો–ગુજરાત, અમદાવાદ બિલ્ડર્સ એસોસીએશન, ગાંધીનગર બિલ્ડર્સ એસોસિએશન, ક્રેડ, મણિનગર બિલ્ડર્સ એસોસિએશન દ્વારા યોજાયેલ મિટિંગમાં રાજ્યના રીયલએસ્ટેટ ડેવલોપર, પ્રોપર્ટી ખરીદનાર , જમીન માલિકો, ખેડૂતો અને સંસ્થાઓ હાજર રહ્યા હતા. આ સૂચનો મુજબ રજૂઆત કરવામાં આવી છે કે, સરકારમાં જંત્રીનો વધારો તત્કાલ અમલ કરવાને બદલે ૯૦ દિવસ પછી અમલમાં લાવવા અને ત્યારબાદ ૧૦૦ ટકાને બદલે જંત્રીમાં વધુમાં વધુ ૫૦ ટકા વધારો કરવા અને વિશેષમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી સર્વે કરાવી અમલ કરવા વિનંતી કરાઇ છે. બાંધકામ માટેના પ્લાન મંજુરી માટે અરજી કરેલ હોય તેવા કિસ્સામાં તેને જુની જંત્રી લાગુ પાડવી જોઈએ અને બાંધકામના વધારાની એફએસઆઈ માટેની રકમ ૧૦૦ ટકા જંત્રી વધે તો ૪૦ ટકાને ૨૦ ટકા અને ૫૦ ટકા જંત્રી વધે તો ૪૦ ટકાને બદલે ૩૦ ટકા વસૂલ કરવા જોઈએ તેવુ અમારું સૂચન છે. સ્કીમ ચાલુ હોય તેવા કિસ્સામાં,જે કોઈ મેમ્બર્સના રેરા ખાતામાં કોઈ પણ રકમ જમા કરાવેલ હોય તો તે મેમ્બર્સને જુની રેરામાં ઠરાવેલ કિંમત જ માન્ય રાખવી જોઈએ. કન્સ્ટ્રક્શન કોસ્ટમાં પણ ૧૦૦ ટકાનો વધારો નવી જંત્રીથી તત્કાલ અમલમાં લાવવાની વાત છે. તે પણ અયોગ્ય છે. કારણકે તેના પર ૧૮ ટકા જીએસટી લાગુ પડે છે. એટલે સરકારી કરનું ભારણ વધુ થઈ જાય છે. તદુપરાંત કંસ્ટ્રક્શન કોસ્ટમાં ૩૦ ટકાથી ૫૦ ટકાનો વધારો કરવો જોઈએ. નવી જંત્રી લાગુ પડ્યા બાદ પણ, તા ૦૪-૦૨-૨૦૨૩ના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક નં.૪ પ્રમાણે સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સને બજાર કિંમત નક્કી કરવાની સત્તા આપવામાં આવી છે. જે બિનવ્યવહારું છે જે કલમ દૂર કરવી જોઈએ. ખરેખર સ્ટેમ્પ ડ્યુટી ૫ ટકાથી ઘટાડી ૨ ટકા કરવી જોઈએ અને રજીસ્ટ્રેશન ફી ૧ ટકામાં (વધુમાં વધુ ૧૦,૦૦૦ રૂપિયાની) મર્યાદામાં દાખલ કરવી જોઈએ. જેનો લાભ ખરેખર પ્રોપર્ટી ખરીદનારાઓને મળી રહે. છેલ્લા વર્ષોમાં જંત્રીમાં સુધારા માટે આવેલ અરજી/સૂચનોને ધ્યાને લઈ, છેલ્લા ત્રણ વર્ષમાં નોંધાયેલ દસ્તાવેજોને ધ્યાને લઈ તથા મિલ્કતની ભૌગોલિક પરિસ્થિતિ (રસ્તાની પહોળાઈ, સ્મશાન, ઈલેક્ટ્રિક ગ્રીડ, ખાડા-ટેકરા, રેલવેલાઈન જેવા પરિબળો)ને ધ્યાનમાં લઈ વૈજ્ઞાનિક પદ્ધતિથી જંત્રી તૈયાર કરવી જોઈએ. જંત્રીની રકમમાં સીધેસીધો વધારો કરવાથી સરવાળે પ્રોપર્ટી ખરીદનાર પર એક સાથે મોટુ ભારણ આવી જાય તો આ વધારો તબક્કાવાર થાય તો તેની અસર અર્થતંત્ર પર અવળી ના પડે. રાજ્યભરમાં કેટલાય પ્રોપર્ટી વેચાણના સોદાના વ્યવહારો અધુરા રહેશે તેવા વ્યવહારોમાં તત્કાલ આટલો બધો ૧૦૦ટકા વધારો કમર તોડી નાખે તેમ છે અને ઘણા બધા સોદાઓમાં વિવાદ ઉભા થાય તેમ છે જેના લીધે દિવાની/ફોજદારી કેસોનું ભારણ પણ અદાલતોમાં ઉભુ થાય તેમ છે. દેશના પ્રધાનમંત્રીનું સૂત્ર છે કે દેશના દરેક રાજ્યના નાગરિકને ઘરનું ઘર હોય તેવા કિસ્સામાં ગુજરાત સરકાર દ્વારા જાહેર કરેલ જંત્રીના ડબલ વધારાના કારણે સામાન્ય માણસ ઘરનું ઘર મેળવવું અધૂરું રહી જશે તેમજ ઘણું મુશ્કેલ બની રહેશે.




# મનપાની સામાન્ય સભામાં વેરા વધારાની દરખાસ્તનો વિરોધ કરાશે : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મનપામાં વેરા વધારાની દરખાસ્તનો કોંગ્રેસ વિરોધ કરશે એટલુ જ નહિ આ વેરા વધારાની દરખાસ્તને પાછી ખેંચાય તે માટે તેના વિરૂદ્ધમાં દરેક વોર્ડમાં કાઉન્સીલરો પર દબાણ ઉભુ કરવા માટે જનજાગૃતિ કરાશે. કોંગ્રેસ પક્ષના કાઉન્સીલર અંકિત બારોટે આજે આ દરખાસ્તના વિરોધ માટે તેમની દરખાસ્ત મનપાને આપી છે. તેમણે જણાવ્યુ છે કે ભાજપના સત્તાધીશો દ્વારા ખોટા ખર્ચ વધુ કરવામાં આવી રહ્યા છે અને પ્રજાના પૈસાનો વ્યય કરવામાં આવી રહ્યો છે. બારોટે જણાવ્યુ છે કે મનપા પાસે સેવા મર્યાદિત છે તેમજ પુરતી સેવા લોકોને અપાતી નથી જે સેવા આપે છે તેમાં પણ મનપા તંત્રની અણ આવડતને કારણે લોકોની સમસ્યાઓ વધી રહી છે. તેમણે આ વેરા વધારો પાછો ખેંચવા માટેની સ્પષ્ટ રજુઆત અને માંગ હોવાનું પણ કહ્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે ૧૦મીએ મળનારી સામાન્ય સભામાં આ મુદ્દે તેમનો પક્ષ તો વિરોધ કરશે જ પણ દરેક વોર્ડમાંથી ચૂંટાયેલા કાઉન્સીલરો પર જનતા દબાણ કરે અને તેને ફગાવી દેવા મતદાન કરે તે માટે ઉગ્ર રજુઆતો કરવા આખુ અભિયાન બે દિવસ માટે ચલાવવામાં આવશે.

# ગુજરાતના મંદિપસિહ ગોહિલ એ ફોઈલ વ્યક્તિગત ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો



ગાંધીનગર, તા. ૮

ખેલો ઈન્ડીયા યુથ ગેમ્સમા મંદિપસિહ ગોહિલ એ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા લીગ રાઉન્ડમા ૭ માથી ૬ બાઉટ જીતી પોઈન્ટ ટેબલ પર પ્રથમ સ્થાન મેળવેલ. નોક આઉટ રાઉન્ડમા ક્વોર્ટર ફાયનલમા મધ્યપ્રદેશને ૧૫-૬ થી હરાવી સેમીફાયનલમા પ્રવેશ મેળવેલ. સેમી ફાયનલમા મહારાષ્ટ્રના તેજસ પાટીલ સામે પ્રારંભિક લીડ બાદ ૧૫-૧૪ના સ્કોરથી પરાજય થતા બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. મંદિપસિહ હાલમા રાજ્ય સરકારની સ્ટેટ ફેન્સીગ એકેડમી સંસ્કારધામ સ્પોર્ટસ એકેડમી, અમદાવાદ ખાતે કોચ રોશન થાપા અને ભવાની પ્રસાદ પાસે તાલીમ મેળવી રહ્યો છે. એમેચ્યોર ફેન્સીગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના પ્રમુખ મુકેશભાઈ ચૌધરી અને મહામંત્રી ભરતજી ઠાકોરે અભિનંદન પાઠવ્યા હતા.

# સેન્ટ ઝેવિયર્સ ખાતે ૧૯મીએ 'આનાપાન' શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૮

કલરવ, રોટરી કલબ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કલરવ સર્જવા સાથે બાળકોને ગાંધીનગર ખાતે 'આનાપાન ધ્યાન શિબિર'માં જોડાવા માટે વિશેષ આમંત્રણ પાઠવ્યું છે. આનાપાન ધ્યાન શિબિરનું આયોજન ૧૯ ફેબ્રુઆરીના રોજ સવારે ૮.૩૦થી ૩.૧૫ કલાક દરમિયાન સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે કરવામાં આવ્યું છે.

# ખેલો ઈન્ડીયા યુથ ગેમ્સમા ગુજરાતના છ રેફ્રી



મધ્યપ્રદેશ ખાતે યોજાઈ રહેલ ૫મા ખેલો ઈન્ડીયા યુથ ગેમ્સ ૨૦૨૨ની ફેન્સીગ સ્પર્ધા જબલપુર ખાતે યોજાઈ રહેલ છે. જેમા ગુજરાત ના ૬ (છ) ટેકનીકલ ઓફિશ્યલની પસંદગી થયેલ છે. તસ્વીરમા ડાબેથી હિમ્મતજી ઠાકોર, અનુપ ચૌધરી, અનિલ કુમાર, ફેન્સીગ એસો.ના મહામંત્રી ભરતજી ઠાકોર, રત્નદીપ સોલંકી, આર. પ્રદિપ, રોશન થાપા તમામને પ્રમુખ મુકેશભાઈ ચૌધરી અને મહામંત્રી ભરતજી ઠાકોર એ અભિનંદન પાઠવ્યા હતા.

# આજે સંકટ ચતુર્થી વ્રત : ભગવાન ગણેશના દ્વિજપ્રિય રૂપની પૂજા કરવાની પરંપરા છે



ગાંધીનગર, તા. ૮

ગુરૂવારે ૯ તારીખે ભગવાન ગણેશના દ્વિજપ્રિય રૂપની પૂજા કરાશે. સાથે જ દેવી પાર્વતીનું પણ પૂજન કરાશે. ગુરૂવારે સંકટ ચતુર્થીનું વ્રત છે. આ દિવસે ભગવાન ગણેશના દ્વિજપ્રિય રૂપની પૂજા કરવાની પરંપરા છે. જેનાથી ભક્તોની દરેક મનોકામના પૂરી થાય છે. આ દિવસે પરિણિત મહિલાઓ વ્રત રાખે છે. સાંજે ચંદ્રને અર્ઘ્ય આપવા સાથે વ્રત પુરૂ થશે. મહા માસના વદ પક્ષનું આ પહેલુ વ્રત છે. જેને સંકષ્ટી ચતુર્થી કહેવામાં આવે છે. આ દિવસે ભગવાન ગણેશના એવા રૂપની પૂજા થાય છે. જેમાં યજ્ઞો પવિત અર્થાત જનેઊ પહેરેલા હોય. એટલા માટે આ વ્રત દ્વિજપ્રિય ચતુર્થી કહેવામાં આવે છે. ગુરૂવારે તિથિ અને ગૃહ નક્ષત્ર મળીને સુકર્મા અને માતંગ નામના બે શુભ સંયોગ બનશે. સાથે જ બુધ મકર રાશિમાં સૂર્યની સાથે એ જ નક્ષત્રમાં રહેશે. જેનાથી બુધાદિત્ય રાજયોગ બનશે. આ યોગોના શુભ સંયોગમાં કરવામાં આવેલ વ્રત અને પૂજા-પાઠના શુભ ફળનો મહિમા વધી જાય છે. પૌરાણિક કથા પ્રમાણે જ્યારે દેવી પાર્વતી ભગવાન શિવથી કોઈ વાતે રિસાઈ જાય છે. તો તેમને મનાવવા માટે ભગવાન શિવે આ વ્રત કર્યુ હતુ. તેનાથી પાર્વતીજી પ્રસન્ન થઈને પાછા શિવલોકમાં આવી ગયા હતા. એટલા માટે ગણેશ-પાર્વતીજી બંનેને આ વ્રત પ્રિય છે. એટલા માટે આ વ્રતને દ્વિજપ્રિય ચતુર્થી કહે છે.